અંજાર ટાઇમ્સ
અખબાર નહીં... આવશ્યકતા...

જાગો... અને જાણો...
જરા... અલગ પ્રકારથી...

## કોણ ?

અંજાર શહેરના માનવંતા શહેરીજનો,
અંજાર શહેર વિશેની ઘણીબધી માહિતી છૂપાયેલી અથવા તો અજ્ઞાત છે તે દરેક માહિતી ઉપલબ્ધ કરાવશે... **અંજાર ટાઇમ્સ**

## શું ?

એક અલગ જ પ્રકારે અંજાર શહેરનું પ્રતિબિંબ... **અંજાર ટાઇમ્સ**

## શા માટે ?

કંઇક અલગ જ ઓળખ માટે... **અંજાર ટાઇમ્સ**

## કદાચ,..

જાણકારી હોવા છતા પણ અંજારનો નાગરિક થોડાઘણા અંશે બેદરકાર અથવા તો અતિવિશ્વાસુ છે. શહેરીજનોને જાગૃત કરવા માટે... **અંજાર ટાઇમ્સ**

## વધુમાં,..

ટીવી સેટેલાઇટ ચેનલોની વિસ્તૃત માહિતી માટે... **અંજાર ટાઇમ્સ**

## ક્યારે ?

દર મહિનામાં બે થી ચાર ન્યુઝ બુલેટીન કે ,જે જરા અલગ જ પ્રકારની માહિતી સાથે... **અંજાર ટાઇમ્સ**

## કેવી રીતે ?

અંજાર શહેરના નાગરિકો સુધી પહોંચવા માટેના એક નવા જ અધ્યાય સ્વરૂપે... **અંજાર ટાઇમ્સ**

## તેવી જ રીતે...

જાહેરાત માટેનું એક અનોખું માધ્યમ બની રહેશે... **અંજાર ટાઇમ્સ**

## ક્યા સ્થળે ?

અંજાર શહેરના નયા અંજાર વિસ્તારમાં... **અંજાર ટાઇમ્સ**



**શિવશક્તિ મિડિયા એન્ડ કન્સલટન્સી**
૧, ''સેતપાળ'' ટેલિફોન એક્સચેન્જ પાછળ, પીરવાડી, અંજાર-કચ્છ.


# અંજારમાં અષાઢી બીજની પાંચ દિવસીય ઉજવણી

### કચ્છી નવા વર્ષ નિમિત્તે અંજાર નગરપાલિકા દ્વારા પાંચ દિવસીય વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું

અંજાર નગરપાલિકા, પ્રમુખશ્રી વસંતભાઇ કોડરાણીએ કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે યોજાયેલી વિવિધ સ્પર્ધાના પ્રારંભે અંજાર ડી.વી. હાઇસ્કૂલ મધ્યે દિપ પ્રાગટ્ય સાથે ઉજવણીનો પ્રારંભ કર્યો હતો. આ ઉજવણી સંદર્ભે આયોજીત નિબંધ સ્પર્ધામાં શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં, કચ્છ કાર્નિવલ, સંત મેકરણ જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા.

સ્વામિ વિવેકાનંદ વિદ્યાલયના આચાર્યશ્રી મનોજભાઇ લોઢાએ ત્રણે હાઇસ્કૂલમાં યોજાનાર કાર્યક્રમ વિશે માહિતી ઉપલબ્ધ કરાવી હતી. આ પ્રસંગે ડી.વી. હાઇસ્કૂલના કાર્યકારી આચાર્ય મીનાબેન દવે, નગરસેવકો સંજયસિંહ જાડેજા, રાજુભાઇ પલણ, ચીફ ઓફિસરશ્રી વિષ્ણુભાઇ પ્રજાપતિ અને ગુજરાત મહિલા ભાજપના મંત્રી દિવ્યાબેન મજેઠીયા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર. આર. ચૌહાણે સંભાળ્યું હતું. ◆




## સિદ્ધાર્થ ઈન્ટરકેબલ સિસ્ટમ દ્વારા પ્રસારીત થતી ચેનલો...

આપની સમક્ષ અમારા તરફથી પ્રસારીત થતી ચેનલોની યાદી જણાવેલ છે. જેમાંથી અમુક ચેનલોની સતત હાજરી હશે તો અમુક ચેનલો આવતી-જાવતી રહેશે ! અમે સતત પ્રયાસ કર્યો છે તથા હજુ પણ કરી રહ્યા છીએ કે આપની સમક્ષ વિશ્વનું શ્રેષ્ઠ મનોરંજન રજૂ કરવામાં આવે.

કેબલ નેટવર્કના પ્રારંભે દસ ચેનલોનું પ્રસારણ, હાલે કુલ ૮૬ ચેનલો સુધીનું બન્યું છે. જે માટે અવનવી તથા આધુનિક ટેકનોલોજીનો સમન્વય સાધવામાં આવ્યો છે. હાલે, અમે ગુજરાતના અગ્રગણ્ય મલ્ટી સિસ્ટમ ઓપરેટર (એમ.એસ.ઓ.) ગુજરાત ટેલિલિંક્સ પ્રા. લી. સાથે સહયોગ કર્યો છે. જેના થકી અમે આપણા કેબલ નેટવર્કમાં ડિઝીટલ પ્રસારણ શરૂ કર્યું છે. જે અંજાર શહેરમાં સૌ પ્રથમ, આપણા કેબલ ટીવી નેટવર્કમાં શરૂ કરાયું છે. જે આપણા માટે ગૌરવની બાબત છે. ટૂંક સમયમાં જ અમે ડિઝીટલ ચેનલોની સંખ્યા ૨૫૦ની કરવા જઇ રહ્યા છીએ. જો, આપ ડિઝીટલ ચેનલોના પ્રસારણનું નિદર્શન મેળવવા માંગતા હોવ તો આપનું નામ તથા ફોન નંબર નોંધાવવું. અમારા પ્રતિનિધિ આપશ્રીના ઘેર ડિઝીટલ ચેનલોને સેટ ટોપ બોક્સ વડે નિદર્શીત કરશે. જેથી આપ જાણી શકશો કે, આપના પરંપરાગત કેબલ ટીવીમાં અને 'ડીટીએચ'ની સરખામણીએ શ્રેષ્ઠ તથા કિફાયતી સેવા ઉપલબ્ધ થઇ શકે છે.

હવે તો, આપશ્રીને 'અંજાર ટાઇમ્સ' દ્વારા જાણકારી મળી રહેશે કે, આપના ટીવી સેટમાં શું - શું ફેરફારો થઇ રહ્યા છે. અમને આશા છે કે, અમારા આ નવતર પ્રયાસથી આપશ્રીને જરૂર આનંદ આવશે. ◆

**■ જનરલ મનોરંજન ચેનલ**
- સબ ટીવી
- સ્ટાર વન
- સ્ટાર પ્લસ
- કલર્સ
- ઝી ટીવી
- સોની એન્ટરટેઇનમેન્ટ
- ઇમેજીન ટીવી
- સહારા વન
- નાઇન એક્સ
- યુટીવી બિન્દાસ
- ઝૂમ ટીવી
- સ્ટાર ઉત્સવ
- એ.એક્સ.એન.
- ઝી સ્ટુડિયો
- ફેશન ટીવી
- સ્ટાર વર્લ્ડ
- સેટપિક્સ

**■ ન્યુઝ ચેનલ**
- એન.ડી. ટીવી ઇન્ડીયા
- સ્ટાર ન્યુઝ
- ઝી ન્યુઝ
- આજ - તક
- ઇન્ડીયા ટીવી
- પી૭ ન્યુઝ
- ટાઇમ્સ નાઉ
- બી.બી.સી. વર્લ્ડ
- ટીવી ૯ ગુજરાત
- બીઝ ન્યુઝ ગુજરાતી

**■ ઇન્ફોટેઇનમેન્ટ ચેનલ**
- ડિસ્કવરી
- ડિસ્કવરી ટ્રાવેલ એન્ડ લીવીંગ
- નેશનલ જ્યોગ્રાફિક
- એનિમલ પ્લેનેટ
- ફોક્સ હિસ્ટ્રી

**■ બિઝનેસ ચેનલ**
- સી.એન.બી.સી. ટીવી-૧૮
- સી.એન.બી.સી. આવાઝ
- એન.ડી. ટીવી પ્રોફિટ
- ઝી બિઝનેસ

**■ કાર્ટૂન ચેનલ**
- હંગામા ટીવી
- કાર્ટૂન નેટવર્ક
- પોગો

**■ એજ્યુકેશન ચેનલ**
- ઇઝી એજ્યુકેશન

**■ નેશનલ ચેનલ**
- ડીડી-૧,
- ડીડી-૧૧ (ગિરનાર)

**■ હેલ્થ ચેનલ**
- કેર ટીવી વર્લ્ડ

**■ પ્રાદેશીક ચેનલ**
- આનંદ બાંગ્લા
- ઇ ટીવી ગુજરાતી
- ઇ ટીવી રાજસ્થાન
- ઇ ટીવી બાંગ્લા
- ઇ ટીવી ઉરીયા
- ઇ ટીવી મરાઠી
- ઇ ટીવી ઉર્દૂ
- ઇ ટીવી તેલુગુ
- પીટીસી પંજાબી
- સન ટીવી
- કે ટીવી
- જેમીની ટીવી
- ઉદય ટીવી
- ઝી ટીવી બાંગ્લા
- ઝી મરાઠી
- ઝી તેલુગુ
- મહુવા
- મા ટીવી

**■ ધાર્મિક ચેનલ**
- સંસ્કાર
- આસ્થા
- મુસ્લીમ ધાર્મિક ચેનલ
- દિવ્યા ટીવી

**■ હિન્દી મ્યુઝીક ચેનલ**
- ઇટીસી
- નાઇન એક્સ મ્યુઝીક
- ચેનલ વી
- એમ ટીવી

**■ મૂવી ચેનલ**
- સ્ટાર ગોલ્ડ
- બીજ્યુ મૂવીઝ
- ઝી એક્શન
- સેટ મેક્સ
- ઝી સિનેમા
- યુ ટીવી એક્શન
- યુ ટીવી મૂવીઝ
- મનોરંજન ચેનલ
- ફિલ્મ વર્લ્ડ
- સ્ટાર મૂવી

**■ સ્પોર્ટ્સ ચેનલ**
- ટેન સ્પોર્ટ્સ
- નિયો ક્રિકેટ
- નિયો સ્પોર્ટ્સ
- ઇ.એસ.પી.એન.
- સ્ટાર ક્રિકેટ
- સ્ટાર સ્પોર્ટ્સ

**■ સ્થાનિક ચેનલ ■**
- એસ.આઇ.એસ. (મૂવી)
- જી.ટી.પી.એલ. (મૂવી)
- જી.ટી.પી.એલ. (ડાયલ)
- ધર્મ (ધાર્મિક)
- જી.ટી.પી.એલ. ગુજરાત (ન્યુઝ)
- અંજાર ટાઇમ્સ (કેબલ ન્યુઝ)



# અંજાર ટાઇમ્સ

Anjar Times

અખબાર નહીં... આવશ્યકતા...

અષાઢ સુદ-૨
વિક્રમ સંવત-૨૦૬૬

તા.૧૩-૦૭-૨૦૧૦
મંગળવાર

RNI No. : Postal Regd. No. : Applied
અંક : નિદર્શન



Siddh's AD
Complete Media Solution
Advt. in...
The Times of India | All Leading Newspaper (All Gujarat)
Cinema (Big Cinema-All Gujarat) | Hoarding
Bulk SMS | Event Organise
Website's | Weeklies | Mall's | FM Channel
News Channel
"FORBES INDIA"
Now in KUTCH
Contact for Subscription...
Contact...
Siddharth P. Bhatt (C.E.O.) Cell 999 854 2027 Anjarkutch.com
E-mail - siddharth@anjarkutch.com


# ''કચ્છ ગૌરવ'' શ્રી પ્રેમજીભાઇ ભવાનજીભાઇ ઠક્કર

### શતાબ્દી વંદના - જીવન યાત્રા

> ''તેમની વહીવટી શક્તિ ઉચ્ચ પ્રકારની હતી અને પ્રશ્નોની પકડ અને તેનો ઉકેલ લાવવાની તેમની સૂઝ બાબતમાં સૌનો ઉંચો અભિપ્રાય હતો.''
> *- શ્રી યશોધર મહેતા. (ગુજરાતના સિધ્ધ હસ્ત લેખક)*

> ''શ્રી પ્રેમજીભાઇ વર્તમાન કચ્છના શિલ્પી, ઘડવૈયા અને શ્રધ્યે આગેવાન હતા. તેઓ કચ્છની જનતામાં અને ગામે ગામમાં સદાય સ્મરણીય રહેવાના છે.''
> *- શ્રી કાંતીપ્રસાદ અંતાણી*

- **૨૩-૩-૧૯૧૦**
રાપર-કચ્છ મધ્યે જન્મ
- **૧૯૨૭**
મેટ્રીક થયા
- **૧૯૨૭-૧૯૨૯**
કરાંચી મધ્યે શિક્ષકની જવાબદારી
- **૧૯૨૯-૧૯૩૦**
ભુજમાં શિક્ષક અને લોહાણા બોર્ડિંગના અધિક્ષક
- **૧૯૩૦**
દક્ષિણામૂર્તિ વિધ્યાભવન (ભાવનગર) મધ્યે તાલીમ
- **૧૯૩૦-૧૯૩૧**
મુંબઇ મધ્યે વીમા કંપનીમાં નોકરી
- **૧૯૩૨-૧૯૩૪**
ઝરૂ (રતનાલ) મધ્યે શિક્ષકની જવાબદારી
- **૧૯૩૪-૧૯૩૬**
અંજાર મધ્યે કુમાર મંદિર ચલાવ્યું અને કાયદાનો અભ્યાસ કર્યો.
- **૧૯૩૬**
વકીલાતનો પ્રારંભ
- **૧૯૩૯**
વકીલાત અર્થે મુંદરા નિવાસ અને કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશનનાં સ્વાગત મંત્રી
- **૧૯૪૫**
કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી
- **૧૯૪૭**
જવાબદાર રાજતંત્ર માટેની લડતમાં સામેલ
- **૧૯૪૮**
કચ્છ જીલ્લા કોંગ્રેસ પક્ષના કન્વીનર તરીકે સંગઠન કાર્ય
- **૧૯૪૮-૧૯૫૨**
કચ્છ રાજ્ય એડવાઇઝરી કમિટીના સભ્ય
- **૧૯૫૨**
રાજ્ય સભાના સભ્ય
- **૧૯૫૨-૧૯૫૬**
કચ્છના ચીફ કમિશનરના સલાહકાર
- **૧૯૫૬**
મુંબઇના દ્વિભાષીય રાજ્યની રચના થતા તેના પ્રધાન મંડળમાં જાહેર બાંધકામ ખાતાના નાયબ પ્રધાન તરીકે નિમણૂંક
- **૧૯૫૭**
મુંબઇ રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં અંજાર મત વિભાગમાંથી ચૂંટાયા
- **૧૯૫૭-૧૯૬૦**
દ્વિભાષી મુંબઇ રાજ્યના જાહેર બાંધકામ તેમજ બંદર ખાતાના નાયબ મંત્રી
- **૧૯૬૦-૧૯૬૨**
ગુજરાત રાજયના જાહેર બાંધકામ ખાતાના નાયબ મંત્રી
- **૧૯૬૨-૧૯૬૭**
કચ્છ જીલ્લા કોંગ્રેસના મંત્રી-પ્રમુખ તરીકેની નિમણૂંક, જાહેર પ્રવૃત્તિ અને વકીલાત
- **૧૯૬૭**
કચ્છ જીલ્લાના અબડાસા મત વિસ્તારમાંથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયા
- **૧૯૬૭-૧૯૭૧**
મહેસૂલ, કાયદો અને ન્યાયતંત્ર, બંદરો વગેરે ખાતાના પ્રધાન. પારડી (વલસાડ)ના ઘાસીયા જમીનના પ્રશ્નોનો નિકાલ, અછત, પૂર રાહત તેમજ કોમી રમખાણોને પહોંચી વળવાની સફળ કામગીરી, સંસ્થા કોંગ્રેસમાંથી રાજીનામું આપી શાસક કોંગ્રેસમાં ૧૧૦૦ કાર્યકરો સાથે જોડાયા.
- **૧૯૭૫**
ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અંજાર મત વિસ્તારમાંથી ચૂંટાયા, ગુજરાત વિધાનસભા તરફથી પ્રીવિલેજ કમિટીના તેમજ ગુજરાત યુનિવર્સિટી સેનેટના સભ્ય તરીકે ચૂંટાયા.
- **૧૯૭૬**
મોરેશિયસ મધ્યે મળેલ રાષ્ટ્ર સમુહના દેશોની સંસદીય પરિષદમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે હાજરી આપી.
- **૨૪-૧૨-૧૯૭૬**
મધરાત્રે ૧૨:૩૦ કલાકે હ્રદય રોગના હુમલાથી, અમદાવાદ મધ્યે અવસાન.



≫ અનુસંધાન પાના નં. ૨

> ''શ્રી પ્રેમજીભાઇનું મુખ્ય તત્ત્વ 'ધ એડમિનિસ્ટ્રેટર' હતું. તેઓ હિંમતવાન અને બાજ પક્ષી જેવી શક્તિ ધરાવતા વહીવટ કર્તા હતા અને તેમની ખૂબી એ હતી કે જ્યારે જ્યારે પરિસ્થિતિ વિકટ બનતી કે પડકાર આવતો ત્યારે તેઓ વધુ ખીલતા. ૧૯૫૬ના જુલાઇની ૨૧ તારીખે રાત્રે ૯:૦૦ કલાકે અંજારના ધરતીકંપમાં સેંકડો માણસો મૃત્યુ પામ્યા ત્યારે શ્રી પ્રેમજીભાઇને આખી રાત જાગીને જે રીતે અંજારમાં વ્યવસ્થા કરતા મેં જોયા છે એ તો મારા જીવનનું એક સોણલું છે. મારા જીવનમાં એમનો ફાળો મહત્વનો છે.''
> *- શ્રી કુંદનલાલ ધોળકીયા.*

> ''તેઓ પત્રકારત્વની દ્રષ્ટિ અને મુશ્કેલી સમજતા હતા. એટલે 'કચ્છમિત્ર' સામેની ફરિયાદો રજૂ કરતી વખતે કે બીજાની ફરિયાદો ચર્ચતી વખતે તેઓ 'કચ્છમિત્ર'ની મર્યાદા સમજીને ઉપાયો સૂચવતા હતા. 'કચ્છમિત્ર'ની સ્થિતિ સમજીને તેઓ આવી ચર્ચામાં અમારી સાથે અને બીજાની સાથે ઉતરતા હતા તેથી વ્યવહારુ ઉપાય થવા ઉપરાંત ફરિયાદ કરનારને સંતોષ આપવાનું સરળ બનતું હતું.''
> *- સૌરાષ્ટ્ર ટ્રસ્ટના માજી મેનેજીંગ ડાયરેક્ટર શ્રી બાપાલાલભાઇ દોશી*

## અંજારગામ અને શ્રી અજેપાળજી...

અંજાર શહેરનું નામ, કચ્છના ઇતિહાસમાં અનેક રીતે નોંધપાત્ર છે. કચ્છના કાળા નાગ સમાન બહારવટીયા જેસલને કારણે અંજારને કચ્છ અને ગુજરાત બહાર પણ સારી ખ્યાતિ પ્રાપ્ત થઇ છે.

લોકગીતોમાં પણ, 'કચ્છમાં અંજાર રૂડા શહેર છે હો જી રે' તથા 'હૈડાં હાલોને અંજાર મૂંજા બેલીડાં' અનેક વખત સાંભળવા મળે છે.

વિશ્વના નકશામાં, ૨૩.૦૭° ઉત્તર અક્ષાંશ અને ૭૦.૦૧° પૂર્વ રેખાંશ ઉપર અંજાર શહેર આવેલું છે. દરિયાની સપાટીથી અંજાર શહેરની ઉંચાઇ ૬૨.૪૮ મીટર છે. સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે અંજાર તાલુકાનો કુલ વિસ્તાર ૧૧૭૩.૭ ચોરસ કિલોમીટર છે. જેમા ,શહેરી વિસ્તાર ૧૭.૮૧ સ્કવેર કિલોમીટર તથા ગ્રામ્ય વિસ્તાર ૧૧૫૫ .૮૮ સ્કવેર કિલોમીટર છે. આપણે સ્કવેર કિલોમીટર દીઠ વસ્તીનું પ્રમાણ જોઇએ તો, અંજાર તાલુકામાં એક સ્કવેર કિલોમીટર દીઠ વસ્તીનું પ્રમાણ ૧૩૭ વ્યક્તિઓનું છે. જેમા, ગ્રામ્ય વિસ્તારમાં સ્કવેર કિલોમીટર દીઠ ૮૦ વ્યક્તિઓ તથા અંજાર શહેરી વિસ્તારમાં સ્કવેર કિલોમીટર દીઠ ૩૮૩૭ વ્યક્તિઓનુ પ્રમાણ છે.

અંજાર તાલુકામાં, કુલે ઘરોની સંખ્યા ૩૪૬૪૯ ની છે. જેમાં, ગ્રામ્ય વિસ્તારોના ઘરોની સંખ્યા ૨૦૨૩૮ અને અંજાર શહેરમાં ઘરોની સંખ્યા ૧૪૪૧૧ની છે. માનવ વસ્તીની ચર્ચા કરીએતો, ગ્રામ્ય વિસ્તારોમાં પુરૂષોની સંખ્યા ૪૭૨૪૨ની છે અને સ્ત્રીઓની સંખ્યા ૪૪૭૦૭ની છે. અંજાર શહેરમાં ૩૫૩૪૧ પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા ૩૩૦૦૨ની છે. આમ, વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ, અંજાર શહેરની કુલ વસ્તી ૬૮૩૪૩ની છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારની વસ્તીનો આંકડો ૯૧૯૪૯નો છે. આવી રીતે, અંજાર તાલુકાની કુલે વસ્તીનો આંકડો ૧૬૦૨૯૨ જેટલો થવા જાય છે. કચ્છના શહેરોમાં, અંજારમાં સૌ પ્રથમ સવંત ૧૬૦૨ના માગશર-વદ આઠમના રવિવારે મહારાવશ્રી ખેંગારજી પહેલાએ તોરણ બાંધ્યું હતું.આથી એવુ લાગે છે કે, જે તે સમયે કચ્છમાં અંજાર શહેરનું મહાત્મય ખૂબ જ હશે.

અંજાર શહેરને 'છોટે કાશી' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનું કારણ અંજાર શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થાપિત થયેલા પૌરાણીક મંદિરો છે. જેમાં અજયપાળનું સ્થાનક,અંબાજી મંદિર, જેસલ-તોરલની સમાધી,મૂંડયા સ્વામીનુ સ્થાનક, શીતલા માતાજીનું મંદિર, માધવરાયજીનું મંદિર, રામસખીજીનું સ્થાન, મોહનરાયજીનું મંદિર, આશાપુરાજીનું મંદિર, દ્વારીકાધીશજીનું મંદિર,રૂઘનાથજીનું મંદિર, ભડેશ્વર મહાદેવનું મંદિર, સ્વામી નારાયણનું મંદિર, નિલકંઠ મહાદેવનું મંદિર, મકલેશ્વર મહાદેવનું મંદિર, શ્રી રામ મંદિર,વાંકલ માતાજીનું મંદિર, ૐ કાલેશ્વરનું મંદિર,કાશી વિશ્વનાથજીનું મંદિર, સત્યનારાયણજીનું મંદિર, ખેતરપાળ દાદાનું મંદિર,ગાયત્રી મંદિર,રામદેવપીરનું મંદિર, જળેશ્વર મહાદેવનું મંદિર,કાળભૈરવનું મંદિર, સચ્ચિદાનંદ મંદિર, દરીયા સ્થાન મંદિર, જલારામનું મંદિર, જેવા અનેક પૌરાણીક સ્થાનકોનો સમાવેશ થાય છે. (નોંધ : આ સિવાયના પૌરાણીક સ્થાનોની માહિતી, આપની પાસે હોય તો અમને જણાવવા વિનંતી.)

અંજાર શહેરને વસાવનાર, અજેપાળ હતા એમ કહેવાય છે. અજેપાળનું મંદિર જૂની વાતોને પોતાના હ્રદયમાં સંઘરીને બેઠું છે. એ મંદિરમાં બે શિલાલેખો દિવાલમાં જડેલા છે. સં. ૧૭૪૨નો શિલાલેખ રાવશ્રી રાયધણજીના કુંવર પ્રાગજીએ અંજારનો ગઢ કરાવ્યો એ વિષે છે. બીજો સં. ૧૮૧૭ની સાલનો રાવશ્રી દેશળજીના સમયનો છે.

અજેપાળજીનો ઇતિહાસ આ મુજબ છે.... અજેપાળ, પાલી શાખાના ચૌહાણ હતા. પુષ્કરતિર્થ એ એમની જન્મભૂમિ. નાનપણમાં એમણે અજ (બકરાં) પાળેલાં તેથી અજેપાળ તરીકે ઓળખાયા. તેઓ, રોજ એક સન્યાંસીને બકરાનું દૂધ પાતા. આથી સંન્યાસીએ પ્રસન્ન થઇ તેમને વરદાન આપ્યા, જેથી તેઓ અધિશ્વર બન્યા. પોતાના બાહુબળથી તેમણે જે રાજ્યની સ્થાપના કરી હતી તેના રક્ષણાર્થે એમણે સર્પગિરિ પર એક દુર્ગ બંધાવવા માંડ્યો; પણ તેમાં સફળતા નહિં મળતાં ગઢવિપ્લવ છોડી, એ જ પર્વતના પરિસરમાં બીજી તરફ ગામ અજમેરુ-અજમેર વસાવ્યું.

≫ અનુસંધાન પાના નં. ૩

પ્રિય શહેરીજન,

'અંજાર ટાઈમ્સ'ને આપની સમક્ષ રજૂ કરવાનું મારૂં સ્વપ્ન આખરે સાકાર થયુ છે. છેલ્લા ઘણા સમયથી કચ્છ વિષયક માહિતી એકત્રીત કરવામાં આવતી હતી. જેમાં અંજાર શહેરની લગભગ 'અવગણના' થઈ રહી હોય તેવું મને લાગ્યા કરતું હતું. ખરેખર જોઈએ તો, આજ પરંપરા રાજાશાહીના સમયથી સામંતશાહી અને અત્યાર લગી ચાલુ જ છે...?

### તંત્રીની કલમ...

આમ, કચ્છ જીલ્લાની સામગ્રી એકત્રીત કરતા કરતા મારૂં ધ્યાન ફંટાયુ તથા અંજાર વિશેની માહિતી એકત્રીત કરવા કૃતનિશ્ચયી બન્યું.

અંજાર શહેરની વાત હોય ત્યારે શ્રી અજેપાળજીનું નામ સૌ પ્રથમ લેવું જ પડે. અજેપાળજીનો ઈતિહાસ તપાસતા ખબર પડી કે, તેમનું મૂળ સ્થાનક અજમેર મધ્યે આવેલ છે. આમ, સૌ પ્રથમ લક્ષ્ય અજમેરનું રાખતા અજમેરની યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. અહીં મિત્ર ખુશાલ વરૂની ખરી મદદ મળી તથા તેમના સંબંધી મનોજભાઇ (અજમેર) સાથે ટેલિફોનીક સંપર્ક કરાવી આપ્યો. મારે ખરેખર કહેવું જોઈએ કે, મનોજભાઇએ જે રીતે પ્રત્યુત્તર આપ્યો તેથી અમારી અજમેરની યાત્રાને ત્વરીત બળ મળ્યું અને બે જ દિવસમાં અમે અજમેરની ટૂંકી મુલાકાત માટે નીકળી પડ્યા.

જો કે, મેં તો બે વાર અજમેરની મુલાકાત લીધી હતી, પણ લગભગ ત્રેવીસ વર્ષ પહેલા ! ત્યારે અજેપાળજીના સ્થાનક વિશે કશુ જ જાણતો નહોતો અને માત્ર અજમેર શરીફની દરગાહના દર્શન કરી પાછા વળ્યા હતા.




હવે આપણે, મુખ્ય મુદ્દા ઉપર પાછા ફરીએ તો, ભુજ-બરેલી ટ્રેનમાં અંજારથી બપોરે ૪:૨૦ કલાકે યાત્રા શરૂ કરી અને બીજે દિવસે સવારે ૫:૧૨ કલાકે અજમેર સ્ટેશન ઉપર પગ મૂક્યો. આ સમયે અજમેર શહેરમાં પ્રવેશની લાગણી જ કોઈ 'અનન્ય' હતી.

ત્યારબાદ, નિત્યકર્મ કરી તરત જ શ્રીઅજેપાળજીના સ્થાનકની યાત્રાનો આરંભ કર્યો. અજમેરથી પુષ્કર તીર્થ તરફ લગભગ ૨૦ કિલોમીટરના અંતરે, અજયસર ગામથી દૂર શ્રીઅજેપાળજીનું સ્થાનક પહાડોની વચ્ચે આવેલુ છે. જો કે, અમારી ગાડી સ્થાનક સુધી તો પહોંચી શકી નહીં અને લગભગ દોઢ કિલોમીટરની પદયાત્રા કરી. (જે વ્યાજબી પણ હતી. યાત્રા કષ્ટવાળી હોય તો જ યાદ રહે !) અહીં સ્થાનકનો જે પ્રભાવ છે તે તો રૂબરૂ જ દર્શન કર્યા હોય તો જ અનુભવાય.

અજેપાળજીના સ્થાનક પાસે તથા નજીકના અંતરે તેમની અનેક યાદો સચવાયેલી છે. વળી, સ્થાનકના પૂજારીના જણાવ્યા મુજબ હાલે પણ અજેપાળજી દિવસમાં એક વાર કોઈપણ સ્વરૂપે તેમની 'હાજરી' પૂરાવી જ જાય છે અને વાતાવરણમાં એક 'ચોક્કસ' સુગંધ પથરાય છે.

વળી, દરરોજ સંધ્યાકાળે કોઈ 'અજ્ઞાત' સ્થળેથી ઢોલ-નગારા સાથે આરતી થતી હોય તેવો ઝંકાર થતો હોય છે. તેમણે એવું પણ જણાવ્યું કે,



''જો તમારે રૂબરૂ અનુભવ લેવો હોય તો અજેપાળજીના સ્થાનક મધ્યે રાત્રી રોકાણ કરો.'' જો કે, અમારે તો રાત્રી'ની વળતા ટીકીટ હોતા આવો કાર્યક્રમ સંભવી શક્યો નહીં. પરંતુ, નજીકના ભવિષ્યમાં 'આવો કાર્યક્રમ' જરૂર ગોઠવીશું તેવો દ્રઢ સંકલ્પ કર્યો.

શ્રી અજેપાળજીના સ્થાનકે, દર છઠ્ઠના દિવસે ચુરમાનું નૈવેદ્ય ધરાવવામાં આવે છે. જો કે, અંજાર મધ્યે અજેપાળજીના સ્થાનકે મીઠાભાતનું નૈવેદ્ય અષાઢીબીજના દિવસે હોય છે. ◆

નોંધ : શ્રી અજેપાળજી અને અંજાર શહેર વિષયક માહિતી જણાવવામાં આવેલી છે તે માટે મુરબ્બી વડીલ શ્રી રણછોડભાઈ ઓઝા (નમસ્કાર), રામસિંહજી રાઠોડના પુસ્તક-કચ્છનું સંસ્કૃતિ દર્શન તથા મુરબ્બી વડીલ શ્રી કાંતિપ્રસાદ અંતાણી (અંજાર તાલુકો)ની માહિતીનો ઉપયોગ કરાયો છે.

**પહેલા પાનાથી...**

## ધ એડમીનીસ્ટ્રેટર ''પ્રેમજીભાઈ''ના શબ્દો...

● ''કાવ્યને વધુ કલ્પનાશીલ અને રોચક બનાવવું જોઈએ. શાયરી માત્ર જોડકણા ન બની રહે પરંતુ તેમાં બુધ્ધિ, ચતુરાઇ અને કલ્પનાનું ઉંડાણ પણ હોવું જોઈએ.''
– જૂનાગઢમાં મુશાયરાના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૩૦-૧-૧૯૫૯

● ''સમાજ જીવનના ઉત્કર્ષ માટેની મહત્વની પ્રવૃત્તિઓમાં બાળ વિકાસ પ્રવૃત્તિ બુનિયાદી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં બાળકોના ઉન્નતભાવિમાં રસ લેતા સૌએ સાથ અને સહકાર આપવા જોઈએ. આ ભાવનાથી જ આપણે કચ્છમાં બાળભવન ઉભું કરી શકીએ.''
– બાળ કેળવણીની મીટીંગમાં તા. ૨૮-૩-૧૯૫૯

● ''ગાડીમાં બેઠેલાને ગાડીની ગતિની ખબર પડતી નથી. જે માણસ તટસ્થ રીતે ગાડીની બહાર ઉભી જુએ છે તેને જ ગાડીની ગતિનો ખ્યાલ આવે છે. તે જ રીતે રાજકીય પૂર્વગૃહથી પર રહીને તટસ્થ અવલોકન કરવાથી જ રાષ્ટ્રની પ્રગત્તિનો ખ્યાલ આવે છે.''
– કુકમામાં ખેતીવાડી ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૨૯-૩-૧૯૫૯

● ''આજ થી ચાર વર્ષ પહેલાં માંડવી તાલુકાના કોડાય ગામેથી વિકાસ ઘટકનું ઉદ્‌ઘાટન કરતાં મેં જે આશા રાખી હતી તે માંડવી તાલુકાએ પૂરી કરી છે, જે ભાવના સેવી હતી તે તમે સંતોષી છે. આજે માંડવી તાલુકાના રાયણ ગામેથી હું આ વિસ્તારની ભૂમિ સંપત્તિનું ઉદ્‌ઘાટન કરું છું, તેની સમૃધ્ધિનું ઉદ્‌ઘાટન કરું છું. મને વિશ્વાસ છે કે રાયણ ગામેથી શરૂ થતાં આ કામનો સંદેશો અને પ્રકાશ આજ રીતે તાલુકાના ગામે ગામ પહોંચી જશે.''
– જમીન સંરક્ષણ કાર્યક્રમ યોજના, રાયણ તા. ૭-૫-૧૯૫૯

> ''વિધિની વિચિત્રતા એ છે કે, તેમનો આત્મા નશ્વર દેહ છોડી ગયો. તે પણ મારી નજર સામે અને વિશ્રામગૃહના મારા દસ નંબરના રૂમમાં જ. એ પ્રસંગ જીંદગી પર્યંત કદી ભૂલી શકીશ નહીં.'' – શ્રી છબીલદાસ મહેતા.

> ''રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં હિસ્સારૂપ બને એવી રીતે કચ્છનો વિકાસ સાધવો એ શ્રી પ્રેમજીભાઈનું સ્વપ્ન હતું. કચ્છના પશુધન પ્રત્યેનું એમનું મમત્ત્વ અદ્‌ભૂત હતું અને તેથી જ એક પ્રસંગે બુઝર્ગ માલધારી બોલી ઉઠ્યો હતો કે, 'હી અસાં જો પે આય''' – શ્રી એન. એમ. જોશી, પૂર્વ જીલ્લા વિકાસ અધિકારી.

> ''પ્રેમજીભાઈ, પ્રકૃત્તિ નિરિક્ષણના પૂરા રસિયા હતા. ૧૯૫૬માં એમને મેં વાવડ દીધા કે નાના રણના છેડે સુરબારી ઉપર ચેરઢુઇ પાસે ફ્લેમિંગો (સુરખાબ) એ થોડા માળા બાંધ્યા છે. આ એક અજબ અને અસંભવિત ઘટના હતી. આપણી પાસે મોટા રણ સિવાય ક્યાંય માળા બાંધી સુરખાબની વસાહત થયાનું જાણવામાં નથી. નવા બંધાતા રાષ્ટ્રીય ધોરી માર્ગ જોવાના શ્રી રસિકભાઈ પરીખના આ કાર્યક્રમમાં પ્રેમજીભાઈએ ફ્લેમિંગોની આ આકસ્મીક થયેલી નવી વસાહત જોવાનું પણ ગોઠવાવી દીધું. આમ, પ્રેમજીભાઈનો પ્રકૃત્તિ પ્રેમ અજબ હતો, સમજોને કુદરત સાથે એ અધ્યાત્મ ભાવ અનુભવતા !''
> – શ્રી રામસિંહજી રાઠોડ

> ''બહેનોએ કાર્યશીલ બનીને સમાજને બદલવાનો છે. દુનિયા આજે કૂદકેને ભૂસકે આગળ વધી રહી છે, ત્યારે બહેનોએ પણ પુરૂષો સાથે ખભેખભા મિલાવી આગળ આવવું જ પડશે.''
> – જીલ્લા સમાજ કલ્યાણ સમિતિની બેઠકમાં તા. ૧૯-૬-૧૯૭૭

> ''શ્રી પ્રેમજીભાઈએ કહ્યું હવે હું જઈશ, નહીં બચી શકું. એમની આગાહી સાચી પડી. એમ્બ્યુલન્સ ગાડી આવે તે પહેલાં જ તેઓના આત્માએ દેહ છોડ્યો. સમય હતો રાત્રે ૧૨:૩૦''
> – મૃત્યુ સમયે હાજર રહેનાર રમેશભાઈ અમીન

● ''ધોકાબાજીથી નહીં, સમજદારીથી સાચું ઘડતર થાય છે.''
– મુંદરા તાલુકાના પ્રવાસમાં તા. ૧૧-૫-૧૯૫૯

● ''ગામમાં લોકોની જાગૃત્તિ અને ઉત્સાહ જોઈએ જે ગામમાં નિઃસ્વાર્થ અને સાચા સેવાભાવી કાર્યકરો હોય છે ત્યાં ગામની એકતા જળવાઈ રહે છે અને ગામ આબાદ બનતું જાય છે.''
– મુંદરા તાલુકાના પ્રવાસ દરમિયાન વાંકી ગામે તા. ૧૨-૫-૧૯૫૯

● ''કચ્છમાં હું નાયબ પ્રધાન તરીકે નહીં પણ, તમારામાંના એક તરીકે આવું છું અને કુટુંબને મળવા જેટલો આનંદ અનુભવું છું.''
– મુંદરા તાલુકાના પ્રવાસમાં તા. ૧૨-૫-૧૯૫૯

● ''વાંકીમાં આજથી પ્રગટેલી જ્યોત આ તાલુકાના ગામે ગામમાં જ્યાં ગરીબાઈ, અજ્ઞાન અને અનારોગ્યનો અંધકાર છે. ત્યાં ત્યાં પ્રકાશ પહોંચાડી રહે અને એમ કરી મુંદરા તાલુકો માત્ર કચ્છમાં જ નહીં પણ સારાયે મુંબઈ રાજયમાં પ્રથમ પંક્તિનું સ્થાન મેળવે એ શ્રધ્ધા સાથે આજે અહીં પ્રગટેલી દિપીકા તમને સૌને આ તાલુકાના ગામે ગામને અને ઘરે ઘરને સોંપતો જાઉં છું.''
– મુંદરા વિકાસ ઘટક ઉદ્‌ઘાટન પ્રસંગે, વાંકી તા. ૧૭-૫-૧૯૫૯

● ''નાની બચતની આ જ્યોત તમારા કાર્યક્ષેત્રમાં અજવાળું પાથરશે. અને તમે જનતાના દિલમાં બચત યોજનાની અગત્ય અંગે જ્યોતિ પ્રગટાવશો તો તે ભારતના નવનિર્માણમાં અગત્યનો ફાળો આપી રહેશે.''
– અંજાર નાની બચત યોજના સમારંભમા તા. ૨૦-૫-૧૯૫૯

● ''વિદ્યાર્થીઓનું પ્રથમ કાર્યક્ષેત્ર ચારિત્ર ઘડતર અને રાષ્ટ્રના નવનિર્માણમાં ફાળો આપવાનો છે.''
– વિદ્યાર્થી શિબિર, આદીપુર, તા. ૨૫-૫-૧૯૫૯

● ''દેશની સમાજ રચનામાં ફેરફાર કરવા માટે સમાજવાદ, સામ્યવાદ તથા અન્ય વિચારસરણીઓ કાર્ય કરે છે પણ સહકારી પ્રવૃત્તિ એ બધામાં એક અણમોલ અને ઠંડી ક્રાંતિ લાવનારું સાધન છે.''
– સહકારી તાલીમ વર્ગના પ્રવચનમાંથી તા. ૨-૬-૧૯૫૯

● ''સરકાર તરફથી કચ્છમાં અછત રાહત માટે પગલાં લેવાઈ રહ્યા છે અને હજી પણ સરકાર આ માટે બનતું બધું કરી છૂટશે. પરંતુ પ્રજા અને કાર્યકરોએ પણ પોતાની ફરજ બજાવવી જોઈએ અને આ કાર્ય ઉપાડી લેવું જોઈએ. આમ, સૌ સાથે મળીને પ્રયાસો કરીશું તો આપણે સૌ આજની મુશ્કેલીમાંથી જરૂર બહાર આવી શકીશું.''
– લખપત તાલુકા કાર્યક્રમ મિલન, માતાનામઢ તા. ૧૮-૬-૧૯૬૭ ◆

# અંજાર નગર સેવા સદન દ્વારા અષાઢી બીજની ઉજવણી

કચ્છની વિસરાતી જતી વિરાસતને લોક હૃદયમાં પુનઃ સ્થાપિત કરવાના હેતુ અને નવી પેઢીને શહેરના ઈતિહાસથી વાકેફ કરવા માટે અંજાર નગર સેવા સદન દ્વારા અષાઢી બીજની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી તા. ૮ જુલાઈથી ૧૩ જુલાઈ સુધી ચાલી હતી. જેમાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ અલગ-અલગ હરિફાઈઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તા. ૮ જુલાઈના રોજ માધ્યમિક શાળાઓની નિબંધ સ્પર્ધાનું આયોજન શેઠ ડી.વી. હાઈસ્કૂલ મધ્યે સવારે ૮ વાગ્યે કરાયું હતું. તા. ૯ જુલાઈના રોજ માધ્યમિક શાળાઓની વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કે. કે. એમ. એસ. ગર્લ્સ હાસ્કૂલમાં સવારે ૮ કલાકે યોજાયું હતું. તેવી જ રીતે સવારે ૮:૩૦ કલાકે શિશુમંદિર સ્કૂલ મધ્યે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધા અને લીંબુ ચમચી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તા. ૧૦ જુલાઈના રોજ સ્વામિ વિવેકાનંદ વિદ્યાલય મધ્યે માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની કવીઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. શાળા નં. ૧૭ મધ્યે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તા. ૧૨ જુલાઈના રોજ મુરલીધર વિદ્યાલય મધ્યે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

તેવી જ રીતે ટાઉનહોલ મધ્યે માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની વેશભુષા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તા. ૧૨ જુલાઈના રોજ ટાઉનહોલ મધ્યે સાંજ ૪:૩૦ કલાકે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. તા. ૧૩ જુલાઈના રોજ સવારે ૭:૩૦ કલાકથી અજેપાળ મંદિરથી શરૂ કરી અંજારના ઐતિહાસિક મંદિરોની પૂજન વિધિ કરાઈ હતી. ◆

આપના વિસ્તારની
સમસ્યા...
સમાચાર...
પ્રેસનોટ...
જાહેર ખબર માટે
સંપર્ક અંજાર ટાઈમ્સ
02836-243338, 94277 66166

શિવશક્તિ મીડિયા એન્ડ કન્સલટન્સી, શોપ નં.૧, ''ક્ષેત્રપાળ'', પીરવાડી, ટેલિફોન એક્ષચેન્જ પાછળ, અંજાર-કચ્છ. ૩૭૦ ૧૧૦ ફોન : ૦૨૮૩૬-૨૪૩૩૩૮ ફેક્સ : ૦૨૮૩૬-૨૪૨૪૦૭ email : anjartimes@anjarkutch.com





શ્રી અજેપાળજીનું સ્થાનક, અંજાર


શ્રી અજેપાળજીનું સ્થાનક, અજમેર

**પહેલા પાનાથી...**

**શ્રી અજેપાળજી...**

ત્યાં ચક્રવર્તીપણું મેળવી પૂર્ણ પ્રતાપથી તે રહેવા લાગ્યા. પોતાને પાછળ સંતતી ન હોતાં એમણે સ્વબંધુ પૃથ્વીપાળને દત્તક લઈ પોતાનું સાર્વભૌમ રાજ્ય સોંપ્યું ને પોતે ધર્મરક્ષાર્થે જોગી થઈ યવનોનો સામનો કરવા કમર કસી.

અજમેર (રાજસ્થાન) પર હલ્લો કરવા માટે ખલીફાનું લશ્કર તરી માર્ગે કચ્છના બંદરે ઊતરવાનું છે એવો સંદેશ, દૂત દ્વારા અજેપાળને મળ્યો. દરિયાકિનારે જ તેમનો સામનો કરવા, તેઓ આ સ્થળે આવી પહોચ્યા અને પછી નિર્ભય સ્થાન તરીકે અહીં જ સૈન્ય સામંતો સહિત પડાવ નાખી દરિયાની ચોકી કરતા રહ્યાં. અહીં જોગીઓની જમાતની તેમને સારી મદદ મળી. અને છેવટે, અજેપાળ પોતે પણ જોગી થયા અને નંદીશ્વર ભગવાન શંકરની આરાધના કરી. પ્રભાવબળે અજેપાળ પોતે સંત તરીકે પણ પૂજાવા લાગ્યા.

ઈતિહાસના પાનેપાને અજેપાળની વાર્તા અનેક કિવંદતી રૂપે લખાઈ છે. તેમાં ખાસ ઉલ્લેખનીય કથા એવી છે કે, રોશનઅલી નામે એક ઈસ્લામ ધર્મપ્રચારક ફકીર ફરતો ફરતો ગઢ વિપ્લવી (કદાચ, હાલે તે ચાંદા ગઢ તરીકે ઓળખાય છે? આપને જો આ વિષે વધુ માહીતી હોય તો અમને જણાવા વિનંતી)માં આવી લાગ્યો. ત્યાં પ્રવર્તતી સ્પર્શા સ્પર્શ્યની ભાવનાથી છેડાઈ તેણે રાજા પૃથ્વીપાળ માટે જતા નવનીતપાત્રને આંગળીઓ અડકાડી અભડાવ્યું. આથી રાજાએ છંછેડાઈ ને ફકીરની આંગળીઓ કપાવી નાખી. આ ફકીરે, બર અરબ સૈયદ મિરાનને પોતાના ઉપર થયેલા અત્યાચારની આપવીતી સંભળાવી.

આથી મિરાન ક્રોધિત થઈ ઉઠ્યો અને એવું કહેવાય છે કે, તે સમયે તેના લગ્ન થઈ રહ્યા હતા. પરંતુ ફકીરની આપવીતી સાંભળતા જ તેણે પોતાની લગ્નવીધી પડતી મુકી અને ફકીર ના થયેલા અપમાનનો બદલો લેવાનો નિર્ણય કર્યો. અને, અશ્વપાળ તરીકે સોદાગરના વેશમાં પાંચસો ઘોડા અને માણસો સહિત, અજમેર જઈ પહોંચ્યો. રાજાએ એના ઉત્તમ પ્રકારના પાણીદાર ઘોડા જોઈ તેમાંથી એક સરસ ઘોડો પસંદ કરી ખરીદ્યો અને પોતાનાં ઘોડારમાં બંધાવ્યો. પરંતુ, રાત્રીના સમયે, આ નવા ઘોડાએ તોફાન મચાવી ઘોડારમાંના બીજા ઘોડાઓને નુકસાન કર્યું. ચાલાક રાજકુંવરીએ સોદાગરની ચાલબાજી પારખી લઈ પોતાના પિતાને તેથી વાકેફ કર્યા. એથી, રાજાએ ક્રોધિત થઈ સોદાગર ઉપર હુમલો કર્યો. યુદ્ધમાં મિરાન અને તેના સાથીદારો બહાદુરીથી લડતાં વીરગતીએ પામ્યા .


નંદીની મૂર્તિ, અંજાર

આ દરમ્યાન, મિરાનનો મામા ખ્વાજા પીર તેને વારવા અને પોતાની બેટી સાથે લગ્ન કરી લેવા સારુ સમજાવવા માટે અજમેર આવ્યો, પણ અહીં આવતાં તેણે મિરાનનાં દુઃખજનક સમાચાર જાણ્યા. આથી, ખ્વાજા પીરને બહુ ક્રોધ ચડ્યો અને પૃથ્વીપાળને ઝબ્બે કરી વેરનો બદલો લેવા મક્કમ નિશ્ચય કર્યો. અજેપાળ પણ, પોતાના ભાઈની સહાયે આવી ચડ્યા. પરંતુ, તે પણ ખ્વાજા પીરનાં ઈલાહી આયુધો સામે ટકી શક્યા નહિ. દરમ્યાનમાં, એમને પોતાના સાથી જોગીઓનો સંદેશ મળ્યો કે, અજમેર ઉપર હુમલો કરવા માટે દરિયાકિનારેથી યવનોની ફોજ આવી રહી છે.

> **સવંત ૧૭૪૨ વરસે માગશર સુદ ૧૩ રવો શ્રી અંજાર સ્થાને શ્રી અજેપાલ રાઉશ્રી રાઅણજી કૂઅરશ્રી પ્રાગજી અંજારનો ગઢ કરાવી વીર શ્રી ભવને સર ચેલો પુજારી માધવ ગરે કૂઓ કરાવો છે પોલ ગઢની ઉગમણી ગમા નીસરતા જમણી ગમા ગજ ૬૦ છે. કુઓ પુજારી માધવગરે કરાવો અજેપાલ શ્રી આગલે પડથાર બંધાવો ગુરૂ માધવગરે ગજધર ભીમજી સુત સારં ગધર ગઢ. કુઆ પડથાર ચોડો કુઅર શ્રી પ્રાગજી ગુરૂ માધવગર મ..... પધરાવી-ગુરૂ માધ.... (બાકીના અક્ષરો અવાચ્ય છે.)**

> **''શ્રી ગણેશાય નમઃ ॥ સવંત ૧૮૭૭ તરાના વરષે શાકે ૧૭૪૨ પ્રવર્તમાં ને શ્રાવણ માસે શુકલ પક્ષે અષ્ટમો ગુરૂવાસરે શ્રી અજારે કછ મધ્યે રાઉશ્રીજી દેશલ વારમા પીર શ્રી જાત્રા કમગરે શ્રી અજપાલની-દેરૂ કરાવ્યુ છે ॥ પુજારી માનગર પુજા કરે છે કડીયો કરસન દેવરાજ લી દેરુ ચખુ છે ॥ શ્રી અંજાર મધ્યે અજેપાલ સત છે.**

આમ, યવનોનો સામનો કરવા અજેપાળ, અજમેર છોડી કચ્છ પહોંચ્યા. જો કે, આ દરમિયાન, ખ્વાજા પીરે પૃથ્વીપાળનો દેહાંત કર્યો અને પોતાના બેજાન બનેલા જમાઈ મિરાનને પુનઃ સજીવન કરી તેની સાથે પૃથ્વીપાળની પુત્રીના લગ્ન કર્યાં. પણ, ખ્વાજા પીરનો આત્મા, તેમણે પોતે ગુજારેલા આ જુલ્મો સહન નહી કરી શકતાં, અજમેરમાં સજીવ દેહે કબરમાં દાખલ થયા. આ સ્થળે તેમની દરગાહની સ્થાપના થઈ અને એ ઓલિયા તરીકે પ્રખ્યાત થયા. ચક્રવર્તી અજેપાળ કચ્છમાં વીરગતીએ પામ્યા.

કચ્છપંથકમાં એમની નામના ચાલી રહી અને અજમેરમાં એમનો સ્મરણસ્તંભ ઊભો કરવામાં આવ્યો. અજમેરથી આગળ જતા અજયસર ગામથી થોડે દુર તેમનું સ્થાનક આવેલુ છે. આ સ્થાનકની આજુ-બાજુ અજેપાળજીએ યવનો સાથે કરેલા યુદ્ધની નીશાનીઓ છે. કચ્છ સસ્કૃતિ દર્શનમાં શ્રી રામસિંહ રાઠોડ જણાવવે છે કે, ઉપલા કથાનકના અંશતઃ કલ્પિત ભાગને છોડી દઈએ તો તથ્ય એ તરી આવે છે કે, જે સમયે તલવારના બળે ઈસ્લામ ધર્મનો પ્રબળ પ્રચાર થઈ રહ્યો હતો ત્યારે યોગીરાજ અજેપાળ સ્વધર્મની રક્ષાર્થે એ ધર્મયુદ્ધમાં કામ આવ્યા અને ધર્મવીર તરીકે પંકાઈ પૂજાયા.

અજેપાળના સહયોગીઓએ અજેપાળની સમાધિ પર દેરું બનાવી તેમાં શૂરાપૂરા તરીકે અશ્વારોહી સાંગધારી અજેપાળની મૂર્તિની સ્થાપના કરી અને દિવસેદિવસે તેનો મહિમા બહુ વધતો ગયો અને તેની માનતા મનાવા લાગી. અંજારમાં ગંગાનાકે ઝુંડમાં આવેલા દેરામાં ગણાધીય વગેરે દેવોની સમીપમાં પધરાવાએલી અજેપાળની મૂર્તિની સામે નંદીની મૂર્તિ છે. લોકવાયકા એવી છે કે નંદીની આ મૂર્તિને અજપાળના સમર્થ મઠાધિપતિ સાગરગરજીએ પોતાનો પરતો પૂરવા ખાણનીરણ ખવડાવ્યું હતું.

પરાપૂર્વથી, અહીં ગર્ભમંદિરમાં અખંડ જ્યોત જલ્યા કરે છે. અજેપાળ સાથે આવેલા ચૌહાણોના વંશજ હાલ ખંભરામાં વસવાટ કરે છે તેવી લોક વાયકા છે. તેઓ આજે પણ અજેપાળને કુળદેવ તરીકે પૂજે છે. સમય જતા, ધીરે ધીરે અજેપાળના આ મઠની આસપાસ વસતિ થઈ અને ગામ વસ્યું. અજેપાળના નામ પરથી તેનું નામ 'અજેપાળનો વાસ', 'અજાડનો વાસ', 'અજાડ', અને એમ ક્રમેક્રમે અપભ્રંશ થતાં 'અંજાર' પડ્યું હશે, જે અદ્યાપિ ચાલે છે. અંજાર ગામ તરીકે તેનું તોરણ સંવત ૮૬૨માં બંધાયું. પછી, સંવત૧૦૬૧માં કાઠીઓએ પોતાનો વ્યાપ વધારવા અંજારને વિકસાવ્યું હતુ તેવુ કહેવાય છે. એવામાં અજેપાળના પંથના યોગીઓનો અહીં મઠ સ્થપાયો અને તેમનું જોર ખૂબ વધ્યું. અણહિલવાડના ભીમ દેવ બીજાએ આ મઠના નિભાવ અર્થે સારો ગામગરાસ આપી તેનો ઉદ્ધાર કર્યો એમ એના વખતના તામ્રપટોનાં લખાણોથી જાણવા મળે છે. અજેપાળના મઠનો વહીવટ તેની સાથેના યોગીઓ પરંપરાથી કરતા આવેલા.


અખંડ જ્યોત, અંજાર

વખત જતાં તેઓ કર્મકાંડમાં શિથિલ થઈ ગયા અને તેમનો જુલ્મ ઘણો વધી ગયો, એટલે આશરે ચારસોએક વર્ષ પહેલાં જૂનાગઢથી આવેલા નારણગરજી નામના અતીતે, જાગીરનો વહીવટ હસ્તગત કર્યો. પણ, અજેપાળની જાગીરના મઠાધિપતિ પીર સાગરગરજીની દેખરેખમાં મઠ અને જાગીરનો પુનરોદ્ધાર થયો. જાગીરમાં સાગરગરજીને અર્પણ થયેલ 'રાઓશ્રી ભારમલજી સુત ખેંગારની વારનો ભાદરવા સુદ ૯ શુક્રે સં.૧૬૭૩' નો અને 'સં.૧૫૯૯ વર્ષે મહાસુદ ૧૫ રવિવાર' નો એમ બે તામ્રપટો છે તે તથા અજેપાળના દેશમાંના શિલાલેખોમાં 'સં.૧૭૪૨ના તથા જે રાઉશ્રી રાયધણજી કુંવર પ્રાગમલજીએ ગઢ કરાવ્યો' એમ ઉલ્લેખ છે તે, તથા 'રાઉશ્રી દેશળજીની વારમાં પીરશ્રી જાત્રાકગરજીએ દેરો કરાવ્યો' એવો લેખ છે તે, તેમજ જાગીરમાંના બીજા અન્ય પુરાણા દસ્તાવેજો, દાનપત્રો અને કેટલીક હસ્તલિખિત પ્રતો જોતાં જાગીર અને અંજારના ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પાડે છે એવું શ્રી રામસીંહ રાઠોળે કચ્છ સંસ્કૃતી દર્શનના પુસ્તકમાં જણાવ્યું છે.

જોકે, વર્ષ ૨૦૦૧ના ભુકંપની થપાટે આ પૌરાણીક સ્થાનક ધ્વસ્ત થઈ ગયું હતું. શ્રી નાનજી ખીમજી થાણા વાળાનાં આર્થિક સહયોગથી આ પૌરાણીક સ્થાનનો પુંનરોધ્ધાર કરવામાં આવ્યો છે. ◆

હવે, 150 ડિઝીટલ ચેનલો
કોઈપણ વધારાના ચાર્જ વગર
સિધ્ધાર્થ ઈન્ટરકેબલ સિસ્ટમ
શાળા નં.૩ સામે, બસ સ્ટેશન રોડ, અંજાર-કચ્છ. ૦૨૮૩૬-૨૪૩૩૩૮, ૯૪૨૭૭ ૬૬૧૬૬
માત્ર, નવા અંજાર વિસ્તારમાં જ.